# મતગણતરી કેન્દ્ર બહાર માનવ મહેરામણ ઉમટયો



ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર તાલુકાની ગ્રામ્ય પંચાયતની ચુંટણીની મતગણતરી પ્રકિયા આજરોજ સેકટર-૧૫ આઈઆઈટી ખાતે યોજાઈ હતી. સવારથી જ ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા. ૬૯ ગામની મતગણતરી હોવાથી મોટીસંખ્યામાં નાગરીકો આવ્યા હોવાથી મતગણતરી કેન્દ્રની આસપાસનો વિસ્તાર પાર્કીગ ઝોન બની ગયો હતો. કેન્દ્ર બહાર હજ્જારો ટેકેદારો હોવાથી એક કિલોમીટર સુધી ભીડ જોવા મળી રહી હતી. વિજેતા ઉમેદવારો ગેટ બહાર આવતા જ ટેકેદારોએ ફુલહારથી સ્વાગત કરીને ઢોલ નગારા તાલે ઝુમી ઉઠ્યા હતા. જયારે સરપંચમાં વિજેતા ઉમેદવારોએ મતગણતરી કેન્દ્રથી જ વિજય સરઘસ નીકાળ્યું હતું. સેકટર-૧૪, ૧૫, અને ૧૬ ના આંતરીક માર્ગ સહિત નગરના ખ અને ગ માર્ગ પર ગાડીઓનો ખડકલો જોવા મળી રહ્યો હતો.નગરની કડકડતી ઠંડીમાં મતગણતરી મોડીરાત સુધી ચાલતા ટેકેદારો બહાર તાપણા કરીને પોતાના ઉમેદવારોની રાહ જોઈને બેઠા હતા. કોઈપણ ઉમેદવારોને મોબાઈલ સાથે લઈ જવા દીધો ન હતો. જયારે મતગણતરી કેન્દ્રની બહાર લારીઓનો ખડકલો જામ્યો હતો. વિજેતા ઉમેદવારો બહાર આવતા જ ગુલાલની છોળો ઉડાડીને નાચગાન કરતા ટેકેદારો નજરે પડ્યા હતા. કેટલાક બહાર ઉભેલા ટેકેદારો અંદર આવવા માટે ૧૦ ફુટની દિવાલ કુદી ગયા હતા. જયારે અંદર ટેકેદારો વધુ માત્રામાં આવી જતા એક સમયે ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસે બેરીકેટસ લગાવીને ભીડ પર કાબુ મેળવ્યો હતો. જયારે ટેકેદારોને સતત એનાઉન્સ થકી સુચનો કરવામાં આવી રહ્યા હતા અને વિજેતા ઉમેદવારોના નામ પણ કહેવામાં આવતા હતા. શહેરના સેકટરમાં મેળા જેવો માહોલ સર્જાયો હતો.

હજ્જારોની સંખ્યામાં ટેકેદારો મોડીસાંજ સુધી ગામના પરિણામ નહી આવતા તાપણા કરીને બેસી રહ્યા હતા. જયારે ઉમેદવારોને સવાર-સાંજ ચા-પાણી અને નાસ્તો ટેકેદારોને કરાવવો પડ્યો હતો. જયારે અંદર રહેલા ઉમેદવારો સીંગ-ચણા અને વિવિધ પેકેટ ખાતા નજરે પડ્યા હતા. કેટલાય ગામોના પરિણામ મોડીરાત સુધી આવ્યા ન હોવાથી ઠંડીમાં પણ ટેકેદારો પોતાના ઉમેદવાર જીતે તેની રાહ જોઈને બેઠા હતા.



## મતગણતરી સાથે ૧૨ જેટલા ટેકેદારોનાં પાકીટ ચોરાયા

ગાંધીનગર તાલુકામાં સમાવિષ્ટ ગ્રામ પંચાયતોની મતગણતરી આજે સેકટર-૧૫ ખાતે સરકારી શાળામાં કરવામાં આવી હતી. શાળામાં ટેકેદારોને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. કમ્પાઉન્ડ બહાર હજારોની સંખ્યામાં ટેકેદારોની જનમેદની ઉમટી હતી. તેમની વચ્ચે પીક પોકેટર્સ પણ એકટીવ રહ્યા હતા. ૧૨ જેટલા ટેકેદારોના ખિસ્સા કાતરીને પાકીટ સેરવી લીધા હોવાની ઘટનાઓ ધ્યાને આવી હતી. જો કે આ મામલે મોડી સાંજ સુધી પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

સેકટર-૧૫ ખાતે સરકારી શાળામાં મત ગણતરી રાખવામાં આવી હતી. જેને પગલે સે-૧૫ને ફરતે ગાડીઓના પાર્કીંગનો ખડકલો જોવા મળ્યો હતો હજારોની સંખ્યામાં સરપંચના ઉમેદવારોના ટેકેદારો મતગણતરી મથક બહાર ઉમટયા હતા. તેમના પ્રવેશ મત ગણતરી મથકમાં નિષેધ હોવાથી બહાર ટોળે ટોળા જામ્યા હતા. આ દરમિયાન તકનો લાભ લઈ પાકીટમારો કેટલાય ટેકેદારોના પાકીટ સેરવી ગયા હતા. ૧૨ જેટલા ટેકેદારોના પાકીટ ચોરાયા હોવાની ફરિયાદો ઉઠી હતી. ભીડભાડમાં ધક્કામુક્કી કરીને પાકીટ સેરવી 'પીક પોકેટર્સ' સરકી ગયા હતા. જો કે મામલે પોલીસ ફરિયાદ થવા પામી ન હતી.

## શહેરમાં ૨૫ મણ ગુલાલ ઉડતા માર્ગો ગુલાલમય બન્યા

ગાંધીનગર તાલુકાની ગ્રામ્યપંચાયતની યોજાયેલી ચુંટણીની મતગણતરી પ્રકિયા સેકટર-૧૫ આઈઆઈટી ખાતે યોજાઈ હતી. હજ્જારો ટેકેદારો કેન્દ્ર બહાર પોતાના ઉમેદવાર વિજેતા બને તેની રાહ જોઈને બેઠા હતા. ત્યારે સવારે ૧૦ વાગ્યા પછી એક પછી એક વિજેતા ઉમેદવાર બહાર આવતા જ ટેકેદારોએ ગુલાલની છોળો ઉડાડવાનું ચાલુ કર્યું હતું. મતગણતરી કેન્દ્ર ખાતે ગુલાલના કોથળા ભરીને સવારથી જ વેપારીઓ આવી ગયા હતા. મોડીસાંજ સુધી અંદાજીત ૨૫ મણ ગુલાલ ઉમેદવારો પર ટેકેદારોએ નાંખ્યો હતો. જયારે ઉમેદવાર સાથે ગામમાંથી આવેલા તમામ સભ્યો પણ ગુલાલના રંગે રંગાયા હતા. સે-૧૫ ફતેપુરાના માર્ગો પણ ગુલાલથી ગુલાબી કલરના બની ગયા હતા.

## મતગણતરી પ્રક્રિયાની સાથે સાથે...

- શહેરની સે-૧૫ સ્થિત આઈ.આઈ.ટી. ખાતે ગાંધીનગર તાલુકાના ગામોની મતગણતરી હોવાથી સવારથી જ મોટી સંખ્યામાં ઉમેદવારો અને ટેકેદારો આવી પહોંચ્યા હતા.
- સે-૧૪, ૧૫, અને ૧૬ના આંતરિક માર્ગો તેમજ ગ-૪ થી ગ-૫ અને ખ-૪ થી ખ-૫ સહિત કોલેજનું ગ્રાઉન્ડ પાર્કિંગથી છવાઈ ગયું હતું.
- પાર્કિંગ એરિયાથી ઉમેદવારોને કિલોમીટરથી વધુ પગપાળા ચાલ્યા બાદ મતગણતરી કેન્દ્ર સુધી પહોંચ્યા હતા.
- મતગણતરી કેન્દ્રની આસપાસ સવારથી જ ગુલાલ અને ફુલહાર લઈને વેપારીઓ ગોઠવાઈ ગયા હતા.
- મતગણતરી કેન્દ્રની અંદર ટેકેદારો દસ ફુટની દિવાલો કુદીને અંદર આવી જતા મોટી ભીડ એકઠી થઈ જતા પોલીસને ટેકેદારોને બહાર મોકલવાની ફરજ પડી હતી.
- મતગણતરી કેન્દ્ર ખાતે કર્મચારીઓ અને પોલીસ કર્મચારીઓ માટે પાણી અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે-૧૫ની આસપાસ મોટી સંખ્યામાં ચા પાણી અને નાસ્તાની લારીઓ ગોઠવાઈ ગઈ હતી.
- મતગણતરી કેન્દ્રની અંદર ઉમેદવાર કે ટકેદારને મોબાઈલ સાથે લઈ જવા પર મનાઈ ફરમાવી હતી.
- સવારના સમયે આવેલા ઉમેદવારોનો બપોર સુધી નંબર નહી આવતા બહારથી ચા-પાણી અને નાસ્તાના પડીકા મંગાવવાની ફરજ પડી હતી.
- ઉનાવા ગામની વોર્ડની મતપેટીમાંથી ત્રણ વોટ ઓછા નીકળતા વોર્ડ સભ્યએ તંત્રને લેખિતમાં જાણ કરી હતી. આ વાતથી થોડો સમય બોલાચાલી થતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

## મતગણતરી કેન્દ્ર બહાર ચા-પાણી અને નાસ્તાની બોલબાલા જોવા મળી

ગાંધીનગર ખાતે ૬૯ ગામ પંચાયતની ચુંટણીની મતગણતરી પ્રકિયા હોવાથી સવારથી હજ્જારોની સંખ્યામાં ગ્રામજનો આવી પહોંચ્યા હતા. મતગણતરી કેન્દ્ર આસપાસ ચા-પાણી, નાસ્તા સહિત પાનીબીડીના ગલ્લા આવી પહોંચ્યા હતા. સવારથી ટેકેદારો આવેલા હોવાથી આ તમામ ગલ્લાઓ પર ગ્રામજનો ચા અને નાસ્તાનો કરતા નજરે પડ્યા હતા. જયારે અંદર ગયેલા ઉમેદવારોનો બપોર સુધી નંબર નહી લાગતા પેટપુજા માટે ચા-નાસ્તો ટેકેદારોએ પહોંચાડયો હતો.જયારે નાસ્તાની લારીઓવાળા વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા. જયારે કેટલાક લારીઓના વેપારીઓને તો બપોર સુધીમાં તમામ ચીજવસ્તુનું વેચાણ થઈ જતા ઘરની વાટ પકડી લીધી હતી તો કેટલાકે વેપારીઓએ નાસ્તાની લારીઓ મોડીરાત સુધી ચાલુ રાખી હતી.

# ૧૨૦ વોટની એલ.ઈ.ડી. લાઈટ સોડિયમ લાઈટની સાપેક્ષમાં પર્યાપ્ત અજવાળુ આપતી નથી

ગાંધીનગર તા ૨૯

શહેરના માર્ગો પર એલ ઈ ડી લાઈટનુ સફેદ અજવાળુ પાથરવા માટે કામ હાથ ધરાયુ છે. હાલ નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર એલ ઈ ડી લાઈટ લગાવી દેવાઈ છે. પરંતુ સોડિયમ લાઈટની સાપેક્ષમાં માર્ગ પર પર્યાપ્ત અજવાળુ પથરાતુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. નગરના મુખ્ય માર્ગો પર બે પોલ વચ્ચેનુ અંતર પણ વિશેષ હોવાની સાથે સોડિયમ લાઈટની સાપેક્ષમાં એલ ઈ ડી લાઈટ ૧૩૦ વોટ ઓછો પ્રકાશ પાથરે છે. જેના પરિણામે મુખ્ય માર્ગો પર પુરતા અજવાળાનો અભાવ વર્તાય છે.

**વિજબીલમાં ૩૦ ટકાથી વધુ બચત થશે : બે પોલ્સ વચ્ચેનુ અંતર વિશેષ હોવાના લીધે પણ પુરતો પ્રકાશ પડતો નથી : સોડીયમ લાઇટ ૨૫૦ વોટની હતી**

શહેરમાં વિજ બચતના અભિગમ સાથે સરકાર દ્વારા એલ ઈ ડી લાઈટનો અભિગમ અપનાવાયો છે. નગરના ૧૮ હજાર જેટલા પોલ્સ પૈકી મોટાભાગના થાંભલાઓ પર હાલ સોડિયમ લાઈટની ઝળહળા જોવા મળે છે. સોડીયમ લાઈટ ૨૫૦ વોટની હોવાના લીધે પુરતા પ્રમાણમાં અજવાળુ પથરાતુ હતુ. જયારે હાલ એલ ઈ ડી લાઈટ ફીટ કરવામાં આવી રહી છે. જે ૧૨૦ વોટનુ અજવાળુ આપે છે. જેના લીધે નગરના મુખ્યમાર્ગો પર અગાઉની સાપેક્ષમાં પુરતુ અજવાળુ પથરાતુ ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે પીળાની જગ્યાએ હવે સફેદ રંગનો પ્રકાશ જોવા મળી રહયો છે. એલ ઈ ડી લાઈટના લીધે વિજથાંભલાઓના વિજબીલની રકમમાં ૩૦ ટકાથી વધુ બચત થશે તેમ પણ મનાઈ રહયુ છે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે પ્રાથમિક તબક્કામાં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર એલ ઈ ડી લાઈટ ફીટ કરી દેવાઈ છે. જયારે તબક્કાવાર સેકટરોના આંતરિક વિસ્તાર સહીત તમામ ઠેકાણે એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરવામાં આવશે.

જયારે એલ ઈ ડી લાઈટના ફિટીંગ માટેનુ કામ સંભાળતી એજન્સીને પણ વિજબીલની રકમમાંથી જ નાંણાનુ ચુકવણી કરવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે સરકારને આર્થિક ભારણ વેઠવાનો વારો નહીં આવે જયારે જાળવણીની જવાબદારી પણ સંબાંધિત એજન્સીને જ સોંપવામાં આવી છે. નગરના મુખ્ય માર્ગો પર બે પોલ વચ્ચેનુ અંતર વધુ અલબત્ત ૩૩ મીટર જેટલુ હોવાના લીધે સોડિયમ લાઈટની સાપેક્ષમાં અજવાળુ ઓછુ પથરાતુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. જયારે જયાં આ અંતર ઓછુ હોય તેવા વિસ્તારમાં પર્યાપ્ત અજવાળુ જોવા મળી રહયુ છે. ઘ-૦ થી ગ-૦ વચ્ચે પણ માર્ગ પર યોગ્ય પ્રકાશ પથરાય છે. જો કે વ્હાઈટ અજવાળુ પાથરતી એલ ઈ ડી લાઈટ વિજ બીલના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરશે તેમ પણ સુત્રો જણાંવી રહયા છે.



સે-૨૪ જૈન દેરાસર ખાતે બિરાજમાન મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનના કેવલજ્ઞાન કલ્યાણક નિમિત્તે સંઘના સભ્યો દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશમાં સુઈ રહેલા શ્રમજીવીઓ, જરૂરિયાતમંદોને રાત્રીના સમયે ધાબળા ઓઢાડવાના કાર્યનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. શ્રી પાર્શ્વનાથ આસ્થા મંડળ, સે-૨૪ના સભ્યો ધાબળા વિતરણના સેવા કાર્યમાં ઉત્સાહભેર જોડાયા હતાં.

## ઠંડીમાં ભારે ઉતાર-ચઢાવ

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા એક અઠવાડિયાથી શરૂ થયેલી આકરી ઠંડીમાં ભારે ઉતાર-ચઢાવ આવી રહ્યા છે. એક દિવસ લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીની નજીક પહોંચે છે તો બીજા દિવસે અઢીથી ત્રણ ડિગ્રી જેટલું વધીને ૧૨ ડિગ્રી સુધી પહોંચી જાય છે.

ઉત્તરીય પર્વતીય પ્રદેશો તરફથી ફૂંકાતા કાતિલ ઠંડા પવનોની સીધી અસર ગુજરાતના શિયાળા પર પડે છે. કયારેક ખુબ ઠંડી અનુભવાય છે તો કયારેક ઓછી ઠંડી લાગે છે. ગયા અઠવાડિયે ત્રણ દિવસ એવા હતા જયારે લઘુત્તમ તાપમાન ઘટીને ૯ ડિગ્રીની નજીક પહોંચી ગયું હોય છે. જયારે અન્ય દિવસો દરમિયાન લઘુત્તમ તાપમાન અઢીથી ત્રણ ડિગ્રી જેટલું વધીને ૧૨ ડિગ્રીની આસપાસ નોંધાયુંહતું. કયારેક કડકડતી ઠંડી અનુભવાય છે તો કયારેક ઠંડી ઘટી જાય છે. ઠંડીમાં ભારે ઉતાર ચઢાવ રહેતા શરદી અને ખાંસીના દર્દીઓ વધ્યા છે. છેલ્લા બે દિવસથી પવનની ગતિ ખુબ વધુ રહેતા દિવસે અને રાત્રે ખુબ ઠંડી અનુભવાઈ હતી. દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી આકરી ઠંડી લાગતી હતી.

## આજે ગાંધીનગરમાં 'હિન્દુત્વ અને વિજ્ઞાન' પર પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૯

ડૉ. રાજેન્દ્રસિંહ (રજ્જૂભૈયા) ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૩૦-૧૨-૨૦૧૬ને શુક્રવારના રોજ બપોરે ૨ થી ૬ કલાક આઈઆઈટીઈ કેમ્પસ ખાતે 'હિન્દુત્વ અને વિજ્ઞાન' વિષય પર પરસંવાદ યોજાશે. ૨૫ વર્ષથી નાની ઉંમરના અને સિનિયર સિટિઝન નિઃશુલ્ક ભાગ લઈ શકશે. અન્ય વ્યકિતઓ માટે રૂ. ૧૦૦ રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ છે. અધિવેશન માટેનું રજિસ્ટ્રેશન બપોરે ૧.૦૦ વાગ્યા સુધી ચાલશે. રવિ ઐય્યર સંઘમાં પ્રચારક તરીકે વિશ્ના અનેક દેશોમાં પોતાની સેવાઓ આપી રહ્યા છે. રવિ ઐય્યર કુશળ લેખક અને પ્રખર સંગઠક છે. આ પરિસંવાદમાં ભાગ લેવા તેઓ ખાસ કેન્યાથી ગાંધીનગર આવી રહ્યા છે. આ પરિસંવાદમાંઓસ્ટ્રેલિયાથી 'હિન્દુ સ્વયંસેવક સંઘ' અને 'કાઉન્સિલ ઓફ ઈન્ડિયા'ના પદાધિકારી ચિરાગ ત્રિવેદી તથા ડૉ. વિરલ જાની વિશેષ ઉપસ્થિત હશે.

